# GSSSB CCE 2026

## Combined Competitive Examination · Advt 378 · CBRT 16–29 Sep 2026 · Question Paper

**Gujarati**

Complete Paper · 150 Questions · Official Answer Key

## About this Compilation

This booklet contains the complete question paper of the **GSSSB Combined Competitive Examination (Advt 378) 2026** examination in **Gujarati**, with the correct option marked as per the official answer key.

✓ Correct option (highlighted green)

### How to use

- Use the **Index** page to jump directly to any set (clickable).
- Questions appear section by section in the order of the paper, numbered 1 onward.
- Diagram and wide-table questions appear at full width at the end of their section.
- The correct answer is highlighted in green with a tick.

### More from QMaths


Check your marks, normalized score and zone-wise rank free at **rank.qmaths.in**. Master English vocabulary with the **Blackbook** app.




***Toppers' Choice, Blackbook of English Vocabulary, Now available in App format : DOWNLOAD NOW***

# Index — All Sets (click to open)

Set 1 24 Sep 2026
5:00 PM - 7:00 PM

## English

15 Questions • Answer Key

**Q1** English

Choose the one word option that best describes the following phrase.

A system of government in which power is held by a single person with absolute authority

A. Anarchy
B. Oligarchy
C. Autocracy ✓
D. Democracy

**Q2** English

Select the correct passive form of the given sentence.
Active Voice: The laboratory can detect harmful chemicals in water.

A. Harmful chemicals in water can detect by the laboratory.
B. Harmful chemicals in water have been detected by the laboratory.
C. Harmful chemicals in water can be detected by the laboratory. ✓
D. Harmful chemicals in water are detected by the laboratory.

**Q3** English

Identify the other meaning of the bold word.
She played the **bass** in the orchestra.

A. A style of classical dance
B. A type of freshwater fish ✓
C. A high-pitched musical instrument
D. A musical performance

**Q4** English

Which of the following sentences is the complex-sentence transformation of the given base sentence?
Base sentence: It rained heavily, and we cancelled the picnic.

A. Since it rained heavily, we cancelled the picnic. ✓
B. It rained heavily, so we cancelled the picnic.
C. It rained heavily and we cancelled the picnic.
D. It rained heavily; we cancelled the picnic.

**Q5** English

Choose the most appropriate option to complete the sentence:
If she ___ the deadline, she ___ a penalty.

A. miss, faces
B. miss, will faces
C. misses, will face ✓
D. misses, faces

**Q6** English

A statement has been given with highlighted text. You are required to replace the text with the correct idiom given in the options.

I didn't study for the test at all, so when I passed, it was **completely unexpected**.

A. in hot water
B. out of the blue ✓
C. on the same page
D. under the weather

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q7** English

Select the most appropriate ANTONYM of the highlighted word.

The teacher noticed a **hostile** attitude among some students.

A. Aggressive

B. Friendly ✓

C. Unkind

D. Aloof

**Q8** English

Select the option that can be used as a one word substitute for the underlined words.

The editor at the artist's gallery dismissed the criticism made by <u>a person who showed an ignorant attitude toward the arts</u> and made unnecessary remarks.

A. Philistine ✓

B. Novice

C. Aesthete

D. Critic

**Q9** English

In the given question, a statement divided into different segments is given. The first segment is fixed: rearrange the other segments to form a coherent statement.

Unlike traditional combustion engines which rely on fuel and oxygen,

(P) is instead propelled by an internal chemical reaction (Q) where the fuel and oxidizer are mixed, (R) a rocket engine (S) generating massive thrust at very high temperatures

A. Q P S R

B. R P S Q

C. R P Q S ✓

D. P Q R S

**Q10** English

“Sheela had gone alone.” નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?

A. શીલા એકલી જાય છે.

B. શીલા એકલી ગઈ હતી. ✓

C. શીલા એકલી જઈ રહી હતી.

D. શીલા એકલી જશે.

**Q11** English

Select the most appropriate option to fill in the blank.

The manager told the dispatch team that the consignment _______________ to the client the previous morning but had been delayed due to a customs issue.

A. would be supposed to be delivered

B. was supposed to be delivered ✓

C. has been supposed to be delivered

D. is supposed to be delivered

**Q12** English

Convert the given sentence into Past Continuous Tense.

The students discussed the poem when the teacher entered.

A. The students would discuss the poem when the teacher entered.

B. The students were discussing the poem when the teacher entered. ✓

C. The students have been discussing the poem when the teacher entered.

D. The students had discussed the poem when the teacher entered.

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q13** English

Fill in the blank with a suitable noun.

The archaeologist found ancient tools near the ruined _____.

- A. statue ✓
- B. calendar
- C. museum
- D. pyramid ✓

Official key: both ticked options were accepted (TCS: ambiguity found in question/answer; full marks for either).

**Q14** English

Select the most appropriate article to fill in the blank. If no article is needed, select 'No article required'.
The farmer bought ___ ewe from a nearby livestock market.

- A. No article required
- B. the
- C. a ✓
- D. an

**Q15** English

Choose the correct form of future tense:
Scientists predict that the global population _______ ten billion before the current century draws to a close.

- A. will reach
- B. will have reached ✓
- C. will be reaching
- D. reaches

## Gujarati

15 Questions • Answer Key

**Q16** Gujarati

આ સાથે આપેલ ગુજરાતી વાક્યનો યોગ્ય અંગ્રેજી અનુવાદ ઓળખાવો :
નર્મદા ગુજરાતની જીવાદોરી છે.

- A. The Narmada is the lifeline in Gujarat.
- B. The Narmada the lifeline of Gujarat is.
- C. The Narmada are the lifeline of Gujarat.
- D. The Narmada is the lifeline of Gujarat. ✓

**Q17** Gujarati

સૌથી છેલ્લો શબ્દ કયો આવશે?

- A. ચમચી
- B. ચરણ ✓
- C. ચકલી
- D. ચમત્કાર

**Q18** Gujarati

નીચેનામાંથી કયું અંગ 'વાગ્અવયવ' (ઉચ્ચારણ અંગ) નથી?

- A. કાન ✓
- B. દાંત
- C. કણ્ઠ
- D. જીભ

**Q19** Gujarati

'લા' અક્ષરનું યોગ્ય જોડાણ કયું છે?

- A. લ્ + ઇ
- B. લ્ + ઉ
- C. લ્ + આ ✓
- D. લ્ + ઈ

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q20** Gujarati

'મનમાં ગાંઠ વાળવી' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય?

A. નવો નિર્ણય લેવો.
B. મન પ્રસન્ન થવું.
C. વાત તરત ભૂલી જવી.
D. મનમાં નિશ્ચય કરવો. ✓

**Q21** Gujarati

સાચી જોડણીવાળું વાક્ય શોધો:

A. ગુરૂત્વાકર્ષણના નિયમની શોધ વૈજ્ઞાનીક ન્યૂટને કરી હતી.
B. ગુરુત્વાકર્સણના નિયમની શોધ વૈજ્ઞાનિક ન્યૂટને કરી હતી.
C. ગુરુત્વાકર્ષણના નિયમની શોધ વૈજ્ઞાનિક ન્યૂટને કરી હતી. ✓
D. ગુરૂત્વાકર્ષણના નિયમની શોધ વૈજ્ઞાનિક ન્યૂટને કરી હતી.

**Q22** Gujarati

આપેલ વિકલ્પમાંથી કયું કર્મણિ વાક્ય નથી?

A. સ્કૂ મારાથી ફર્યો
B. મારાથી કેરી પડશે
C. મેં સ્કૂ ફેરવ્યો ✓
D. મારાથી કામ થશે

**Q23** Gujarati

'પિક' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

A. કોયલ ✓
B. મોર
C. પોપટ
D. કબૂતર

**Q24** Gujarati

'અચલ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

A. અસ્થિર
B. ચંચળ
C. અશાંત
D. સ્થિર ✓

**Q25** Gujarati

'દેશભક્ત' શબ્દનો સમાસ ઓળખાવો.

A. કર્મધારય
B. દ્વિગુ
C. તત્પુરુષ ✓
D. દ્વંદ્વ

**Q26** Gujarati

અખંડ જ ભલે રહ્યું, હૃદયસ્થાન તેનું હવે : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.

A. હરિણી
B. પૃથ્વી ✓
C. મંદાક્રાન્તા
D. શિખરિણી

**Q27** Gujarati

નીચેનામાંથી સર્વનામ સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો.

A. શિયાળામાં બહુ જ ઠંડો પવન ફૂંકાય છે.
B. સાચો મિત્ર હંમેશાં વિપત્તિમાં મદદ કરે છે.
C. આ પેન તેની છે અને તે સુંદર લખે છે. ✓
D. પત્ર વડીલના હાથ દ્વારા મોકલાયો.

**Q28** Gujarati

અલંકાર ઓળખાવો: નિધિનું હૃદય તો કમળથીય મૃદુ છે.

A. વ્યતિરેક અલંકાર ✓
B. ઉપમા અલંકાર
C. શ્લેષ અલંકાર
D. સજીવારોપણ અલંકાર

**Q29** Gujarati

'મારે બસની રાહ જોવી પડી.' વાક્યનું નીચેનામાંથી સાચું અંગ્રેજી વિધાન કયું છે?

A. I had wait for the bus.
B. I had to waited for the bus.
C. I must waited for the bus.
D. I had to wait for the bus. ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q30** Gujarati

નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.

A. સવારનું કૉલેજ છે મારી.

B. મારી કૉલેજ સવારની છે. ✓

C. કૉલેજ મારું છે સવારની.

D. છે સવારની મારો કૉલેજ.

## General Awareness

30 Questions • Answer Key

**Q31** General Awareness

જૂન 2026 માં સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (DRDO) દ્વારા નીચેનામાંથી કઈ એન્ટી-રેડિયેશન મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું?

A. રુદ્રમ-II (RudraM-II ) ✓

B. અસ્ત્ર-MK2 (Astra-MK2)

C. નિર્ભય-01

D. પ્રહાર-03

**Q32** General Awareness

જાહેર ચીજવસ્તુઓ (Public Goods)ના સંદર્ભમાં 'જાહેર જોગવાઈ (Public Provision)' નો અર્થ શું થાય છે?

A. સરકારી ક્ષેત્ર દ્વારા પ્રત્યક્ષ રીતે ઉત્પાદિત થતી ચીજવસ્તુઓ

B. સરકારી એજન્સીઓ દ્વારા પ્રત્યક્ષ રીતે વેચવામાં આવતી ચીજવસ્તુઓ

C. ખાનગી ઉત્પાદકો દ્વારા વિશિષ્ટ રીતે (exclusively) પૂરી પાડવામાં આવતી ચીજવસ્તુઓ

D. સરકારી બજેટ દ્વારા નાણાકીય સહાય (financed) મેળવતી ચીજવસ્તુઓ ✓

**Q33** General Awareness

મૌર્ય સામ્રાજ્યનો સત્તાવાર અંત ઈ.સ. પૂર્વે આશરે 185માં આવ્યો, જ્યારે તેના છેલ્લા શાસક બૃહદ્રથની હત્યા તેના જ સેનાપતિ _________ એ કરી હતી.

A. ચંદ્રગુપ્ત મૌર્ય

B. પુષ્યમિત્ર શુંગ ✓

C. કનિષ્ક

D. અગ્નિમિત્ર

**Q34** General Awareness

ભારત જેવા વિકાસશીલ દેશોમાં વૈશ્વિકીકરણ સ્થાનિક ઉદ્યોગો પર પ્રતિકૂળ અસરો કરતું હોવાનું ક્યારેક જોવામાં આવે છે, તેનું એક કારણ કયું છે?

A. તે આયાતી માલ અને સેવાઓ તરફથી સ્પર્ધા વધારે છે. ✓

B. તે દરેક ઉત્પાદન પરના તમામ આયાત જકાત (import duties)ને નાબૂદ કરે છે.

C. તે આંતરરાષ્ટ્રીય આર્થિક પ્રવૃત્તિઓમાં આવતા અવરોધો (barriers)ને ઘટાડે છે.

D. તે સ્થાનિક ક્ષેત્રોમાં રોજગારીની તકોનું વિસ્તરણ કરે છે.

**Q35** General Awareness

મીઠાના સત્યાગ્રહ (દાંડીકૂચ)નો તાત્કાલિક ઉદ્દેશ્ય નીચેનામાંથી કયો હતો?

A. સવિનય કાનૂનભંગની ચળવળ દ્વારા મીઠાના કાયદાનો ભંગ કરવો. ✓

B. કાયમી જમાબંધી (Permanent Settlement)નો અંત આણવો.

C. ડોમિનિયન સ્ટેટસ (સ્વાયત્ત રાજ્યના દરજ્જા)ની માંગ કરવી.

D. અસહકારની ચળવળ દ્વારા મીઠાના કાયદાનો ભંગ કરવો.

**Q36** General Awareness

કલકત્તામાં 'બ્રહ્મો સભા' તરીકે ઓળખાતી સુધારક સંસ્થાની સ્થાપના કોણે કરી હતી?

A. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

B. રાજા રામમોહન રોય ✓

C. કેશવચંદ્ર સેન

D. સ્વામી દયાનંદ સરસ્વતી

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q37** General Awareness

જુલાઈ 2026 માં ______ ની સ્થાપનાના પાંચ વર્ષ પૂર્ણ થયા, જેની ઉજવણી અઠવાડિયા સુધી ચાલનારા (week-long) કાર્યક્રમો દ્વારા કરવામાં આવી હતી.

- A. MSME મંત્રાલય
- B. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (Ministry of Statistics and Programme Implementation)
- C. કૌશલ્ય વિકાસ મંત્રાલય
- D. સહકાર મંત્રાલય (Ministry of Cooperation) ✓

**Q38** General Awareness

જાન્યુઆરી 2026 માં યોજાયેલી 'સ્પોર્ટ્સ ગવર્નન્સ કોન્ક્લેવ' માટેનું સ્થળ (Venue) અમદાવાદનો નીચેનામાંથી કયો મોટો સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ બન્યો હતો?

- A. વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ✓
- B. સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ
- C. નારણપુરા ઓલિમ્પિક સ્પોર્ટ્સ સેન્ટર
- D. ગુજરાત ઇન્ટરનેશનલ સ્પોર્ટ્સ અરીના

**Q39** General Awareness

લીસી સપાટી (smoother surface) સરકતી વસ્તુની ગતિને કેવી રીતે અસર કરે છે?

- A. તે કાપેલા અંતરમાં ઘટાડો કરે છે.
- B. તે વસ્તુને વધુ દૂર સુધી ગતિ કરવા દે છે. ✓
- C. તે ઘર્ષણમાં વધારો કરે છે.
- D. તે પ્રવેગમાં ઘટાડો કરે છે.

**Q40** General Awareness

ભારતમાં કેન્દ્રીય કેબિનેટ (Union Cabinet) અને મંત્રીપરિષદ (Council of Ministers) વચ્ચેના તફાવતને નીચેનામાંથી કયું વિધાન સૌથી વધુ સચોટ રીતે વર્ણવે છે?

- A. કેબિનેટમાં માત્ર વડાપ્રધાનનો સમાવેશ થાય છે, જ્યારે મંત્રીપરિષદમાં અન્ય તમામનો સમાવેશ થાય છે
- B. કેબિનેટ એ મંત્રીપરિષદ કરતાં મોટી સંસ્થા છે અને તેમાં વધુ મંત્રીઓનો સમાવેશ થાય છે
- C. કેબિનેટમાં માત્ર રાજ્ય કક્ષાના મંત્રીઓ હોય છે અને અન્ય કેન્દ્રીય મંત્રીઓનો સમાવેશ થતો નથી
- D. કેબિનેટ એ વ્યાપક મંત્રીપરિષદની અંદરનું એક નાનું અને મુખ્ય નિર્ણયો લેતું જૂથ છે ✓

**Q41** General Awareness

પૃથ્વી પ્રણાલી (Earth system)માં કાર્બન ચક્રમાં નીચેનામાંથી કઈ પ્રક્રિયા મુખ્ય ભૂમિકા ભજવે છે?

- A. પ્રાણીઓ શ્વાસમાં કાર્બન ડાયોક્સાઇડ લે છે અને ઓક્સિજન મુક્ત કરે છે.
- B. મૃત વનસ્પતિ ઓક્સિજનનું અવશોષણ કરે છે અને કાર્બોહાઇડ્રેટ્સ બનાવે છે.
- C. અશ્મિભૂત બળતણ કાર્બન ડાયોક્સાઇડનું અવશોષણ કરે છે અને ઓક્સિજન મુક્ત કરે છે.
- D. વનસ્પતિ કાર્બન ડાયોક્સાઇડનું અવશોષણ કરે છે અને કાર્બોહાઇડ્રેટ્સ બનાવે છે. ✓

**Q42** General Awareness

નીચેનામાંથી કયો શબ્દ પરવાળાના દ્વીપસમૂહ (atoll) દ્વારા ઘેરાયેલા મધ્યસ્થ ગર્ત (central depression)નો ઉલ્લેખ કરે છે?

- A. કોતર (Canyon)
- B. ખાડી સરોવર (Lagoon) ✓
- C. મુખત્રિકોણ પ્રદેશ (Delta)
- D. નદીમુખ (Estuary)

**Q43** General Awareness

એપ્રિલ 2026 માં, ભારતના પ્રથમ ચિપ ફેબ્રિકેશન સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (SEZ) ને કયા સ્થળે સૂચિત કરવામાં આવ્યું હતું?

- A. સાણંદ
- B. વડોદરા
- C. GIFT સિટી
- D. ધોલેરા ✓

**Q44** General Awareness

જુલાઈ 2026માં, ટેક્નોલોજી ડેવલપમેન્ટ બોર્ડ (TDB) એ નીચેનામાંથી કયા સૂક્ષ્મજીવનો ઉપયોગ કરીને ઉચ્ચ મૂલ્ય ધરાવતા C-ફાઇકોસાયનિન (C-Phycocyanin) ના ઉત્પાદન માટેની સ્વદેશી ટેક્નોલોજીના વ્યાપારીકરણને ટેકો આપ્યો હતો?

- A. (લેક્ટોબેસિલસ એસિડોફિલસ સ્ટ્રેઈન -Lactobacillus acidophilus strain) (MTCC 447)
- B. (સેક્રોમાઇસિસ સ્ટ્રેઈન -Saccharomyces strain) (MTCC 170)
- C. (સ્પિરુલિના સ્ટ્રેઈન -Spirulina strain) (NCIM 5143) ✓
- D. (ક્લોરેલા વલ્ગારિસ સ્ટ્રેઈન - Chlorella vulgaris strain) (NCIM 2114)

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q45** General Awareness

2026 સ્ટોકહોમ વોટર પ્રાઇઝ (Stockholm Water Prize) કોને એનાયત કરવામાં આવ્યો હતો?

- A. પ્રોફેસર કાવેહ મદની (Professor Kaveh Madani) ✓
- B. ડો. સાંડ્રા પોસ્ટલ (Dr. Sandra Postel)
- C. ડો. તાઇકન ઓકી (Dr. Taikan Oki)
- D. પ્રોફેસર રાજેન્દ્ર સિંહ (Professor Rajendra Singh)

**Q46** General Awareness

કયો અભિલેખ સ્કંદગુપ્તના શાસન અને તેની પ્રજાના કલ્યાણ માટેની ચિંતાનો પુરાવો પૂરો પાડે છે?

- A. પ્રયાગરાજ પ્રશસ્તિ
- B. જૂનાગઢ અભિલેખ ✓
- C. હાથીગુમ્ફા અભિલેખ
- D. દામોદરપુર અભિલેખ

**Q47** General Awareness

માનવ મૂડીની કઈ ભૂમિકા લાંબાગાળાના આર્થિક વિકાસમાં પ્રત્યક્ષ રીતે ફાળો આપે છે?

- A. કુદરતી સંસાધનોની ઉપલબ્ધતામાં વધારો કરવો
- B. ભૌતિક મૂડી રોકાણ નાબૂદ કરવું
- C. કૌશલ્ય અને નવીનતા દ્વારા ઉત્પાદકતામાં સુધારો કરવો ✓
- D. અર્થતંત્રોમાં સમાન આવક સ્તર સુનિશ્ચિત કરવું

**Q48** General Awareness

નીચેનામાંથી કયું જોડાણ કથક નૃત્ય શૈલી સાથે સંકળાયેલા મુખ્ય ઘરાનાઓને (Gharanas) સાચી રીતે ઓળખાવે છે?

- A. લખનૌ, જયપુર, બનારસ અને રાયગઢ ✓
- B. લખનૌ, પંજાબ, બનારસ અને ગુજરાત
- C. જયપુર, રાયગઢ, બંગાળ અને ઓડિશા
- D. બનારસ, લખનૌ, કેરળ અને રાજસ્થાન

**Q49** General Awareness

નૌટંકી પ્રદર્શનમાં રંગા (Ranga)ની પ્રાથમિક ભૂમિકા શું હોય છે?

- A. મુખ્ય વાદ્યો વગાડવા
- B. વાર્તાકાર (narrator) તરીકે એપિસોડ્સને કનેક્ટ કરે છે. ✓
- C. પરંપરાગત ગીતો ગાવા
- D. મુખ્ય નૃત્યાંગના (lead dancer) તરીકે કાર્ય કરે છે.

**Q50** General Awareness

ભારતીય બંધારણના અનુચ્છેદ 13 નો મુખ્ય ઉદ્દેશ્ય શું છે?

- A. તે સર્વોચ્ચ અદાલતના વહીવટી માળખાની રૂપરેખા આપે છે
- B. તે મૂળભૂત અધિકારો સાથે અસંગત હોય તેવા કાયદાઓને અમાન્ય જાહેર કરે છે ✓
- C. તે રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયાને વ્યાખ્યાયિત કરે છે
- D. તે સંસદના માળખાની સમજૂતી આપે છે

**Q51** General Awareness

પર્ણોમાં આવેલા વાયુરંધ્રો (stomata)નું મુખ્ય કાર્ય શું છે?

- A. કીટકોને આકર્ષવું
- B. ખોરાકનું વહન કરવું
- C. ખોરાક બનાવવું
- D. વાયુઓનું વિનિમય ✓

**Q52** General Awareness

મોહેંજોદડોના ઘરોની જળનિકાસ વ્યવસ્થા (drainage system) હડપ્પા વાસ્તુશિલ્પ (આર્કિટેક્ચર)નાં આયોજનને કેવી રીતે દર્શાવે છે?

- A. ડ્રેઇનેજ (જળનિકાસી) ચેનલ્સ એ માત્ર નગરના સિટાડેલની આસપાસ બનાવવામાં આવી હતી.
- B. સ્નાનગૃહોનું પાણી સીધું આંગણા (courtyard)માં ખાલી થતું (જતું) હતું.
- C. ડ્રેઇન્સ (જળનિકાસ) એ વિશાળ સ્નાનગૃહો સુધી પાણી લઈ જતી હતી.
- D. સ્નાનગૃહ એ શેરીની નાની ડ્રેઇન્સ (જળનિકાસ) સાથે જોડાયેલા હતા. ✓

**Q53** General Awareness

વિકસિત ગુજરાત ડેટા સેન્ટર નીતિ 2026–29 હેઠળ, કયા સ્થાનને વિશ્વના સૌથી મોટા ડેટા સેન્ટર સિટી તરીકે વિકસાવવા માટે ઓળખવામાં આવ્યું છે?

- A. સાણંદ, અમદાવાદ
- B. GIDC ખોરજ, ગાંધીનગર
- C. GIFT સિટી, ગાંધીનગર
- D. ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન ✓

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q54** General Awareness

જન્ વિશ્વાસ (જોગવાઈઓનું સંશોધન) બિલ, 2026 મુખ્યત્વે નાની અથવા સામાન્ય ઉલ્લંઘનો માટેની ફોજદારી દંડ (criminal penalties) ને કોના દ્વારા બદલવાનો પ્રયાસ કરે છે?

- A. માત્ર લાયસન્સ રદ કરવાં
- B. આર્થિક દંડ અને આંતરિક વહીવટી પદ્ધતિઓ ✓
- C. ફરજિયાત કેદની સજા
- D. સામુદાયિક સેવા

**Q55** General Awareness

સુકા, ગરમ પવનો અને તીવ્ર બાષ્પીભવનને કારણે નીચેનામાંથી કયો જળાશય 41 પાર્ટ્સ પ્રતિ હજારની નોંધપાત્ર ઊંચી સરેરાશ ક્ષારતા (salinity) નોંધાવે છે?

- A. બંગાળનો અખાત
- B. અરબી સમુદ્ર
- C. રાતો સમુદ્ર ✓
- D. બાલ્ટિક સમુદ્ર

**Q56** General Awareness

વિદ્યુતપ્રવાહધારિત લાંબા સોલેનોઇડની અંદરના ભાગમાં ચુંબકીય ક્ષેત્ર એકસમાન (Uniform) છે, તે કઈ બાબત પરથી સ્પષ્ટ થાય છે?

- A. ક્ષેત્ર રેખાઓ સમકેન્દ્રીય વર્તુળાકાર માર્ગો બનાવે છે.
- B. ક્ષેત્ર રેખાઓ સમાંતર અને સમાન અંતરે રહે છે. ✓
- C. ક્ષેત્ર રેખાઓ અંતર સાથે વધુ દૂર ફેલાય છે.
- D. ક્ષેત્ર રેખાઓ કેટલાક બિંદુઓ પર એકબીજાને છેદે છે.

**Q57** General Awareness

આયનોસ્ફિયર (આયનવરણ), જે વિદ્યુતભારિત કણો ધરાવે છે અને રેડિયો તરંગોને પૃથ્વી પર પાછા પરાવર્તિત કરે છે, તે મુખ્યત્વે વાતાવરણના કયા સ્તરમાં આવેલું છે?

- A. ટ્રોપોસ્ફિયર (troposphere)
- B. થર્મોસ્ફિયર (thermosphere) ✓
- C. સ્ટ્રેટોસ્ફિયર (stratosphere)
- D. મેસોસ્ફિયર (Mesosphere)

**Q58** General Awareness

ફેબ્રુઆરી 2026 માં, જર્મનીના મ્યૂનિક શહેરમાં 62મી મ્યૂનિક સુરક્ષા પરિષદ (Munich Security Conference) યોજાઈ હતી, જેમાં વૈશ્વિક લીડર્સ એકત્રિત થયા હતા. તો આ પરિષદની થીમ શું હતી?

- A. શેપિંગ સિક્યુરિટી (Shaping Security)
- B. એટ અ ટર્નિંગ પોઈન્ટ (At a Turning Point)
- C. અંડર ડિસ્ટ્રક્શન (Under Destruction) ✓
- D. રીબિલ્ડિંગ ગ્લોબલ ટ્રસ્ટ (Rebuilding Global Trust)

**Q59** General Awareness

ઓલિમ્પિક દિવસ 2026 ની સત્તાવાર થીમ શું છે?

- A. યુ કેન ડુ ધીસ. લેટ્સ મુવ (You can do this. Let's Move) ✓
- B. ઇન્સ્પાયરિંગ પીસ એન્ડ યુનિટી (Inspiring Peace and Unity)
- C. યુનાઇટિંગ ધ વર્લ્ડ થ્રુ સ્પોર્ટ (Uniting the World Through Sport)
- D. સેલિબ્રેટિંગ ગ્લોબલ સ્પોર્ટ્સમેનશિપ (Celebrating Global Sportsmanship)

**Q60** General Awareness

નીચેનામાંથી કયા અધિનિયમ (એક્ટ) દ્વારા બ્રિટિશ ભારતમાં પ્રાંતીય સ્વાયત્તતા (Provincial Autonomy) દાખલ/ રજૂ કરવામાં આવી હતી?

- A. ઈન્ડિયન કાઉન્સિલ્સ એક્ટ, 1909
- B. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1919
- C. ઈન્ડિયન કાઉન્સિલ્સ એક્ટ, 1861
- D. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1935 ✓

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q61** Quantitative Aptitude

₹10,000 ની રકમ વાર્ષિક 10% ના વ્યાજ દરે રોકાણ કરવામાં આવે છે, જે અર્ધ-વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ થાય છે. 1 વર્ષ પછી મળતી રાશિ (રકમ) કેટલી થશે?

A. ₹10,500
B. ₹11,050
C. ₹11,000
D. ₹11,025 ✓

**Q62** Quantitative Aptitude

જો કોઈ વેપારી કોઈ વસ્તુ ₹150માં વેચે છે અને તેને 25% નુકસાન થાય છે, તો તે વસ્તુની પડતર કિંમત શોધો.

A. ₹180
B. ₹175
C. ₹225
D. ₹200 ✓

**Q63** Quantitative Aptitude

a, b અને c બાજુઓ (ધાર) ધરાવતા એક લંબઘનમાં તેના અવકાશીય/ સ્પેસ વિકર્ણ (space diagonal)ની લંબાઈ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

A. તે લંબઘનની કોઈપણ બાજુ કરતાં વધુ લાંબો હોય છે. ✓
B. તે સૌથી મોટી બાજુ કરતાં ટૂંકો હોય છે.
C. તે સૌથી નાની બાજુ જેટલો હોય છે.
D. તે બધી બાજુઓના સરવાળા જેટલો હોય છે.

**Q64** Quantitative Aptitude

એક પાઇપ 5 કલાકમાં એક ટાંકી ભરી શકે છે અને બીજી પાઇપ તેને 10 કલાકમાં ખાલી કરી શકે છે. જો બંને એકસાથે ખોલવામાં આવે, તો ટાંકી ભરવામાં કેટલો સમય લાગશે?

A. 15 કલાક
B. 10 કલાક ✓
C. 7 કલાક
D. 5 કલાક

**Q65** Quantitative Aptitude

90 અને 160 વચ્ચેનું મધ્યમ પ્રમાણપદ (mean proportional) શોધો.

A. 110
B. 130
C. 120 ✓
D. 100

**Q66** Quantitative Aptitude

જો 4:8 = 10:x હોય, તો ચોથા પ્રમાણપદ તરીકે x નું મૂલ્ય શું થશે?

A. 18
B. 24
C. 20 ✓
D. 16

**Q67** Quantitative Aptitude

પ્રિયા તેની માસિક આવકમાંથી 60% ખર્ચ કરે છે અને બાકીની રકમ બચાવે છે. તો તે તેની આવકમાંથી કેટલા ટકાની બચત કરે છે?

A. 40% ✓
B. 30%
C. 50%
D. 35%

**Q68** Quantitative Aptitude

મીરાએ ₹3,000 ની રકમ વાર્ષિક 4% ના સાદા વ્યાજ દરે 3 વર્ષ માટે ફિક્સ ડિપોઝિટમાં રોકી. 3 વર્ષના અંતે તેની કુલ વ્યાજમુદ્દલ (total amount) કેટલી થશે?

A. ₹3,480
B. ₹3,360 ✓
C. ₹3,120
D. ₹3,460

Blackbook Vocabulary — Now in the App! ▸ Download Now on Google Play

**Q69** Quantitative Aptitude

એક ઢાળ (ramp)ની ડિઝાઇન તૈયાર કરતી વખતે, સલામતીના નિયમો જણાવે છે કે ઢાળની લંબાઈ એ તેની શિરોલંબ ઊંચાઈ (vertical rise) અને તેના દ્વારા કપાતા કુલ સમક્ષિતિજ અંતર (horizontal distance) વચ્ચેનું મધ્ય પ્રમાણપદ (mean proportional) હોવું જોઈએ. જો એક ઈમારત માટે 1 m શિરોલંબ ઊંચાઈ ધરાવતા અને 16 m સમક્ષિતિજ અંતર કાપતા એક ઢાળની જરૂર હોય, તો નિયમ અનુસાર ઢાળની લંબાઈ કેટલી હોવી જોઈએ?

- A. 17 m
- B. 9 m
- C. 8.5 m
- D. 4 m ✓

**Q70** Quantitative Aptitude

નીચેનામાંથી કયા સમીકરણનું સાદું રૂપ આપતાં તે દ્વિઘાત સમીકરણ (quadratic equation) નથી?

- A. 1. $4x^2 + 7x = 21 + 4x^2$ ✓
- B. 2. $3x^2 + 2x - 5 = 0$
- C. 3. $x^2 + 8x + 15 = 0$
- D. 4. $x^2 - 2x = 0$

**Q71** Quantitative Aptitude

એક લંબઘન બોક્સનું માપ 4 m x 3 m x 2 m છે. કોઈ જગ્યા બાકી ન રાખતા, 96 ઘન મીટરના ઘનફળવાળા કન્ટેનરને પૂરેપૂરું ભરવા માટે આવા કેટલા બોક્સની જરૂર પડશે?

- A. 6
- B. 4 ✓
- C. 2
- D. 8

**Q72** Quantitative Aptitude

એક પરીક્ષામાં પાંચ વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલા ગુણ 42, 46, 50, 54, 58 છે. ધારેલા મધ્યક (assumed mean) તરીકે 50 નો ઉપયોગ કરીને સમાંતર મધ્યક કેટલો થશે?

- A. 54
- B. 50 ✓
- C. 52
- D. 48

**Q73** Quantitative Aptitude

8 cm બાજુવાળા એક સમઘનને 8 cm x 8 cm x 12 cm માપ ધરાવતા લંબઘન સાથે તેમની ચોરસ ફલકો પૈકીના એક ફલક પર બરાબર રીતે જોડવામાં આવે છે. આ રીતે બનતા ઘનનું કુલ પૃષ્ઠફળ કેટલું હશે?

- A. 768 ચોરસ સેન્ટિમીટર ✓
- B. 704 ચોરસ સેન્ટિમીટર
- C. 832 ચોરસ સેન્ટિમીટર
- D. 656 ચોરસ સેન્ટિમીટર

**Q74** Quantitative Aptitude

બે મિત્રો, C અને D, અનુક્રમે 10 દિવસ અને 15 દિવસમાં વાડ (fence) ને રંગી શકે છે. જો તેઓ સાથે મળીને કામ કરે તો વાડ રંગવામાં કેટલો સમય લાગશે?

- A. 9 દિવસ
- B. 8 દિવસ
- C. 6 દિવસ ✓
- D. 5 દિવસ

**Q75** Quantitative Aptitude

એક હોડી પ્રવાહની દિશામાં 24 km નું અંતર 2 કલાકમાં કાપે છે અને પ્રવાહની વિરુદ્ધ દિશામાં તે સમાન અંતર 3 કલાકમાં કાપે છે. તો સ્થિર પાણીમાં હોડીની ઝડપ કેટલી હશે?

- A. 10 km/h ✓
- B. 9 km/h
- C. 12 km/h
- D. 8 km/h

**Q76** Quantitative Aptitude

એક ચૂંટણીમાં 2500 મતદારોમાંથી, 8 ટકા મત અમાન્ય જાહેર કરવામાં આવ્યા હતા. ઉમેદવાર P ને માન્ય મતોના 55 ટકા મત મળ્યા હતા. જો ફક્ત બે ઉમેદવારો ચૂંટણી લડ્યા હોય, તો ઉમેદવાર Q ને કેટલા માન્ય મત મળ્યા હશે?

- A. 1265
- B. 1035 ✓
- C. 1200
- D. 1150

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q77** Quantitative Aptitude

એક વેપારી 1 kg ખાંડની પડતર કિંમત કરતાં 8% નફો મેળવવા માટે ખાંડની વેચાણ કિંમત છાપે છે. જો કે, ખામીયુક્ત વજનકાંટાને કારણે, તે 1 kg માટે છાપેલી કિંમત વસૂલતી વખતે માત્ર 900 g જ પહોંચાડે છે. તો તેના નફાની કુલ ટકાવારી કેટલી થશે?

A. 16%

B. 20% ✔

C. 18%

D. 24%

**Q78** Quantitative Aptitude

₹27,000 એ 2 વર્ષ માટે વાર્ષિક 2% ના દરે વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ વ્યાજ થાય છે, તો મળતી કુલ રાશિ (રકમ) (₹ માં) શોધો.

A. 28,030.60

B. 28,090.80 ✔

C. 28,070.20

D. 28,010.40

**Q79** Quantitative Aptitude

એક વેપારી 5% ના નુકસાને એક વસ્તુ વેચે છે. જો તેની ખરીદ કિંમત ₹300 હોય, તો તેની વેચાણ કિંમત કેટલી હશે?

A. ₹315

B. ₹275

C. ₹285 ✔

D. ₹295

**Q80** Quantitative Aptitude

નીચેનામાંથી કયું સંયોજન (combination) અવિભાજ્ય સંખ્યામાં પરિણમે છે?

A. 3 અને 9 નો સરવાળો કરવો

B. 2 અને 3 નો સરવાળો કરવો ✔

C. 4 અને 6 નો સરવાળો કરવો

D. 5 અને 9 નો સરવાળો કરવો

**Q81** Quantitative Aptitude

એક ટ્રેન 5 કલાકમાં 360 kmનું અંતર કાપે છે. આટલી જ ઝડપે તેને 1,224 km નું અંતર કાપવામાં કેટલા કલાક લાગશે?

A. 17 કલાક ✔

B. 15 કલાક

C. 16 કલાક

D. 18 કલાક

**Q82** Quantitative Aptitude

આપેલા ગણ 18, 22, 25, 30, 34 માટે મધ્યસ્થનું મૂલ્ય કેટલું છે?

A. 34

B. 30

C. 25 ✔

D. 22

**Q83** Quantitative Aptitude

y-અક્ષ પર આવેલા અને ઓરિજિન (origin) થી 6 એકમ ઉપર આવેલા બિંદુના યામ શું છે?

A. (6, 0)

B. (0, -6)

C. (-6, 0)

D. (0, 6) ✔

**Q84** Quantitative Aptitude

એક દોડવીર 36 km/h ની ઝડપે 500 m ની દોડ પૂર્ણ કરે છે. તેને લાગતો સમય સેકન્ડમાં શોધો.

A. 18

B. 60

C. 50 ✔

D. 72

**Q85** Quantitative Aptitude

ટાવરના તળિયે (foot) થી એક ઈમારતની ટોચનો ઉત્સેધકોણ 30° છે અને ઈમારતના તળિયેથી ટાવરની ટોચનો ઉત્સેધકોણ 60° છે. જો ટાવરની ઊંચાઈ 60 m હોય, તો ઈમારતની ઊંચાઈ શોધો.

A. 40 m

B. 20 m ✔

C. 30 m

D. 10 m

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q86** Quantitative Aptitude

જો $\left(\frac{7}{8} + \frac{5}{P}\right) \div 0.625 = \frac{31}{15}$ હોય, તો P નું મૂલ્ય શોધો.

A. 8

B. 10

C. 15

D. 12 ✓

**Q87** Quantitative Aptitude

એક કંપની (2y + 1) મીટર લંબાઈ અને (2y - 1) મીટર પહોળાઇ ધરાવતા એક હોલના ભોંયતળિયા પર ટાઇલ્સ લગાવવા માંગે છે. તો ટાઇલ્સ લગાવવા માટેનું કુલ ક્ષેત્રફળ ($m^2$ માં) y ના પદમાં શોધો.

A. 1. $4y^2 + 1$

B. 2. $4y^2 + 2$

C. 3. $4y^2 - 2$

D. 4. $4y^2 - 1$ ✓

**Q88** Quantitative Aptitude

ધારો કે સમીકરણો $x^2 - 3x + 2 = 0$ અને $kx^2 + lx + m = 0$ બંનેના બીજ સમાન છે. તો k અને l ની દ્રષ્ટિએ m નું મૂલ્ય કેટલું હોવું જોઈએ?

A. 1. $m = k$ અથવા $m = \frac{-2l}{3}$

B. 2. $m = 3k$ અથવા $m = \frac{-l}{3}$

C. 3. $m = 2k$ અથવા $m = \frac{-2l}{3}$ ✓

D. 4. $m = k$ અથવા $m = \frac{-l}{3}$

**Q89** Quantitative Aptitude

કામદારો E અને F ભેગા મળીને એક કામ 9 દિવસમાં પૂરું કરી શકે છે. જો કામદાર E એકલો તે જ કામ 15 દિવસમાં પૂરું કરી શકે, તો કામદાર F એક દિવસમાં કામનો કુલ કેટલામો ભાગ પૂરો કરી શકે?

A. 1. $\frac{2}{45}$ ✓

B. 2. $\frac{1}{9}$

C. 3. $\frac{1}{6}$

D. 4. $\frac{4}{45}$

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q90** Quantitative Aptitude

જો $\cos\theta = \frac{3}{5}$ હોય અને $\theta$ એ પ્રથમ ચતુર્થાંશ (ચરણ)માં હોય, તો $\tan\theta$ નું મૂલ્ય કેટલું હશે?

A. 3/4

B. 3/5

C. 5/3

D. 4/3 ✓

## Reasoning

60 Questions • Answer Key

**Q91** Reasoning

નીચે આપેલા શબ્દો અંગ્રેજી ભાષાના શબ્દકોશના ક્રમમાં ગોઠવાતા કયો સાચો વિકલ્પ બને છે તે પસંદ કરો.

1. Mist
2. Grit
3. Tusk
4. Brim

A. 4, 2, 1, 3 ✓

B. 4, 2, 3, 1

C. 2, 4, 1, 3

D. 4, 1, 2, 3

**Q92** Reasoning

નીચે આપેલી સંખ્યા, પ્રતીક શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે. (બધી સંખ્યાઓ માત્ર એક-અંકની સંખ્યાઓ છે)

(ડાબી બાજુ) 7 Δ & ≥ ≠ Δ 7 ± 6 1 $ 3 4 ≠ 3 ≠ ∞ & Δ 6 & (જમણી બાજુ)

એવાં કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલાં એક સંખ્યા આવે છે અને તરત જ પછી એક પ્રતીક પણ આવે છે?

A. ચાર

B. બે ✓

C. એક

D. ત્રણ

**Q93** Reasoning

JARGONS શબ્દના દરેક અક્ષરને મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આમ બનતા નવા અક્ષર-સમૂહમાં, ડાબી બાજુથી બીજા સ્થાને રહેલા અક્ષર અને જમણી બાજુથી ચોથા સ્થાને રહેલા અક્ષરની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ કેટલા અક્ષરો આવે છે?

A. 5

B. 8

C. 7

D. 6 ✓

**Q94** Reasoning

આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 293 451 768 582 347 (જમણી બાજુ)
(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)

જો તમામ સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલી સંખ્યાઓનું સ્થાન યથાવત રહેશે?

A. 2 ✓

B. 3

C. 0

D. 1

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q95** Reasoning

આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 805 620 194 650 512 (જમણી બાજુ)
(દાખલા તરીકે- 697 – પ્રથમ અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)

જો સૌથી મોટી સંખ્યાના બીજા અંકને સૌથી નાની સંખ્યાના ત્રીજા અંકમાંથી બાદ કરવામાં આવે, તો પરિણામ શું મળશે?

- A. 4 ✓
- B. 3
- C. 5
- D. 7

**Q96** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: 4 વૃક્ષો – J, O, P અને Z – પૈકી દરેક અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે, તો કયું વૃક્ષ સૌથી નીચું છે?

વિધાનો:
(I) Z એ O કરતાં ઊંચું છે.
(II) P એ Z કરતાં ઊંચું છે. J એ માત્ર એક જ વૃક્ષ કરતાં નીચું છે.

- A. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- B. વિધાન (I) અને (II) બંનેમાં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓
- C. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- D. વિધાન (I) અને (II) બંનેમાં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q97** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં તે તમારે નક્કી કરવાનું છે. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
D એ E સાથે કેવી રીતે સંબંધિત છે?

વિધાનો:
(I): D એ F ના પિતા છે.
(II): F એ E નો ભાઈ છે.

- A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- B. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- C. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓

**Q98** Reasoning

રમેશ બિંદુ Y થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને દક્ષિણ તરફ 21 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે, 33 km ડ્રાઈવ કરે છે, ત્યારબાદ ડાબો વળાંક છે અને 79 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે અને 53 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે, 58 km ડ્રાઈવ કરે છે, ત્યારબાદ જમણો વળાંક લે છે, 27 km ડ્રાઈવ કરે છે અને બિંદુ Z પર રોકાય છે. બિંદુ Y પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલા દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી)ના વળાંકો છે, સિવાય કે ઉલ્લેખ કરવામાં આવે.)

- A. 49 km પૂર્વ તરફ
- B. 47 km પૂર્વ તરફ ✓
- C. 47 km પશ્ચિમ તરફ
- D. 51 km પશ્ચિમ તરફ

**Q99** Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

- A. DE - GH
- B. JK - MN
- C. TU - WX
- D. RS - TU ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q100** Reasoning

એક ચોક્કસ કોડ ભાષામાં, 'GOAL' ને '3965' તરીકે અને 'LOAN' ને '5967' તરીકે કોડ કરવામાં આવે છે. તો આપેલી ભાષામાં 'N' માટેનો કોડ શું છે?

A. 3
B. 6
C. 9
D. 7 ✓

**Q101** Reasoning

બબીતા, કેશવ, નંદિની, રજત અને સુમન- આ પાંચ મિત્રોની ઊંચાઇ જુદીજુદી છે. સુમન નંદિની કરતાં ઊંચો છે પરંતુ રજત કરતાં નીચો છે. બબીતા નંદિની કરતાં નીચી છે. કેશવ સૌથી નીચો છે. જો તેમને ઊંચાઈના ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે, તો ત્રીજા ક્રમે કોણ આવશે?

A. નંદિની ✓
B. બબીતા
C. રજત
D. સુમન

**Q102** Reasoning

નીચે આપેલા શબ્દોની તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવણી દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.
1. ઇંચ
2. મિલીમીટર
3. માઇલ
4. સેન્ટીમીટર
5. મીટર

A. 3, 5, 1, 4, 2 ✓
B. 3, 5, 4, 1, 2
C. 5, 3, 4, 2, 1
D. 4, 3, 1, 5, 2

**Q103** Reasoning

નીચે આપેલા નામ અને સરનામાની તમામ વિગતો કયા વિકલ્પમાં સંપૂર્ણપણે સાચી રીતે દર્શાવવામાં આવી છે તે વિકલ્પ પસંદ કરો.

Mrs. Geeta D. Patwardhan, Bungalow No. 6, Koregaon Park, Lane No. 3, North Main Road, Pune, Maharashtra – 411001

A. Mrs. Geeta D. Patwardhan, Bungalow No. 6, Koregoan Park, Lane No. 3, North Main Road, Pune, Maharashtra – 411001
B. Mrs. Geeta D. Patwardhan, Bungalow No. 6, Koregaon Park, Lane No. 3, North Main Road, Pune, Maharashtra – 411001 ✓
C. Mrs. Geeta D. Patwardhan, Bungalow No. 6, Koregaon Park, Lane No. 3, North Main Road, Pune, Maharashtra – 411100
D. Mrs. Geeta D. Patwardhan, Bungalow No. 6, Koregaon Park, Lane No. 3, North Main Road, Pune, Maharshtra – 411001

**Q104** Reasoning

આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન '?' ના સ્થાને શું આવવું જોઈએ?
2, 5, 10, 17, 26, ?

A. 35
B. 41
C. 37 ✓
D. 39

**Q105** Reasoning

શ્રી જ્યોર્જ બિંદુ A થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને પશ્ચિમ દિશામાં 5 km વાહન ડ્રાઈવ કરે છે. પછી તે ડાબી બાજુ વળે છે અને 9 km વાહન ડ્રાઈવ કરે છે, પછી જમણી બાજુ વળીને 5 km વાહન ડ્રાઈવ કરે છે. ત્યારબાદ તે જમણી બાજુ વળે છે અને 14 km વાહન ડ્રાઈવ કરે છે. તે છેલ્લો જમણો વળાંક લઇને 10 km વાહન ડ્રાઈવ કરે છે અને બિંદુ P પર અટકે છે. ફરીથી બિંદુ A પર પહોંચવા માટે તેમણે કેટલા અંતર (સૌથી ટૂંકું અંતર) સુધી અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશના વળાંકો છે, સિવાય કે ઉલ્લેખ કરવામાં આવ્યો હોય.)

A. 2 km ઉત્તર તરફ
B. 5 km દક્ષિણ તરફ ✓
C. 5 km ઉત્તર તરફ
D. 2 km દક્ષિણ તરફ

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q106** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
કોલેજની સાપેક્ષમાં રમતનું મેદાન (પ્લેગ્રાઉન્ડ) કઈ દિશામાં છે?

વિધાનો:
(I): કોલેજથી, મંદિર પહોંચવા માટે પશ્ચિમ દિશામાં 10 m ચાલો.
(II): મંદિરથી, રમતનું મેદાન (પ્લેગ્રાઉન્ડ) પહોંચવા માટે ઉત્તર દિશામાં 12 m ચાલો.

A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
B. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓
D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q107** Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે IROL એ અમુક ચોક્કસ રીતે LURO સાથે સંબંધિત છે. તે જ રીતે, UDAX એ XGDA સાથે સંબંધિત છે. તો આ સમાન તર્કને અનુસરીને, DMJG એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

A. GPLO
B. GPMJ ✓
C. GMKI
D. GHUI

**Q108** Reasoning

'MARBLE' શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પછીના અક્ષરમાં બદલવામાં આવે છે અને ત્યારબાદ આ રીતે બનેલા તમામ અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. તો આ રીતે બનેલા અક્ષરોના નવા સમૂહમાં નીચેનામાંથી કયો અક્ષર જમણી બાજુથી પાંચમો હશે?

A. M
B. F
C. N
D. C ✓

**Q109** Reasoning

F, G, H, Q, R અને S એક જ ઇમારતના છ અલગ-અલગ માળ પર રહે છે. ઇમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને નંબર આપેલા છે, આ અનુક્રમમાં સૌથી ઉપરના માળનો નંબર 6 છે.
S એ 5 નંબરવાળા માળ પર રહે છે. Q એ S ની ઉપરના માળ પર રહે છે. F ની નીચેના માળ પર ફક્ત H રહે છે. G એક બેકી નંબરવાળા માળ પર રહે છે. તો R નીચે કેટલા લોકો રહે છે?

A. ચાર
B. બે ✓
C. ત્રણ
D. એક

**Q110** Reasoning

જો '+' અને '-' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?)ના સ્થાને શું આવશે?
$56 + 8 \times 4 \div 10 - 2 = ?$

A. 38 ✓
B. 42
C. 36
D. 40

**Q111** Reasoning

નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. (ગણતરી ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે).
(ડાબી બાજુ) C S C U Q Q G D I Q I J H E O K W A Z (જમણી બાજુ)
એવાં કેટલા સ્વર છે, જે દરેકની તરત પહેલાં એક વ્યંજન આવે છે અને તરત પછી પણ એક વ્યંજન આવે છે?

A. બે
B. ત્રણ
C. ચાર ✓
D. એક

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q112** Reasoning

નીચે આપેલી અક્ષર, સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.
(ડાબી બાજુ) A 3 % B 5 # M 9 * T 4 @ C 8 & N 6 $ F 2 (જમણી બાજુ)
એવા કેટલા પ્રતીકો છે જે દરેકની તરત પહેલા એક અક્ષર આવે છે અને તરત પછી એક સંખ્યા પણ આવે છે?

A. એક
B. ત્રણ
C. એકપણ નહીં ✓
D. બે

**Q113** Reasoning

A, B, C, D, E, F, અને G દરેકની પરીક્ષા અઠવાડિયાના અલગ અલગ દિવસે છે, જે સોમવારથી શરૂ થાય છે અને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે. A અને C વચ્ચે બરાબર 4 લોકોની પરીક્ષા છે. E અને G વચ્ચે બરાબર 4 લોકોની પરીક્ષા છે. Fની પરીક્ષા Dની તરત પહેલાં છે. A અને Gની પરીક્ષાઓ Dની પહેલાં છે. Cની પરીક્ષા E પછી છે. E અને F વચ્ચે બરાબર 2 લોકોની પરીક્ષા છે. શુક્રવારે કોની પરીક્ષા છે?

A. F
B. G
C. B ✓
D. D

**Q114** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
પાંચ વ્યક્તિઓ U, V, W, X અને Y એક પાંચ માળની ઇમારતમાં અલગ-અલગ માળ પર રહે છે. ઇમારતના સૌથી નીચેના માળને ક્રમ 1 અને સૌથી ઉપરના માળને ક્રમ 5 આપવામાં આવ્યો છે. તો માળ ક્રમ 1 પર કોણ રહે છે?

વિધાનો:
(I): W એ માળ ક્રમ 3 પર રહે છે.
(II): X એ માળ ક્રમ 2 પર રહે છે. U એ X ની તરત જ નીચેના માળ પર રહે છે.

A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
B. બંને વિધાન (I) અને (II) એકસાથે (અને એકલા વિધાન I અથવા એકલા વિધાન II નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.
C. વિધાન (II) માં આપેલી માહિતી એકલા પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી પૂરતી નથી. ✓
D. વિધાન (I) માં આપેલી માહિતી એકલા પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી પૂરતી નથી.

**Q115** Reasoning

વિકલ્પોમાંથી તે જોડીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે જોડીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.
TMO : YRT
AKR : FPW

A. GIP : LNQ
B. DKL : HOP
C. FJN : KOS ✓
D. ERS : JWU

**Q116** Reasoning

ઉત્તર તરફ મુખ રાખેલા 30 લોકોની એક હરોળમાં, રોહન જમણા છેડેથી 7મા ક્રમે છે. જો સમીર રોહનની ડાબી બાજુએ 4થા ક્રમે હોય, તો હરોળના ડાબા છેડેથી સમીરનું સ્થાન _______ હશે.

A. 18મું
B. 17મું
C. 19મું
D. 20મું ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q117** Reasoning

એક વર્ગના તમામ 39 વિદ્યાર્થીઓ ઉત્તર દિશા તરફ મુખ રાખીને એક હરોળમાં ઊભા છે. મેક્સ એ જમણી બાજુના છેડાથી 13મા સ્થાને છે, જ્યારે કેન એ ડાબી બાજુના છેડાથી 9મા સ્થાને છે. તો મેક્સ અને કેનની વચ્ચે કેટલા વિદ્યાર્થીઓ ઊભા છે?

A. 16

B. 10

C. 15

D. 17 ✓

**Q118** Reasoning

નીચે આપેલા વિકલ્પોમાંથી એવો વિકલ્પ પસંદ કરો કે જેમાં આપેલા નામ અને સરનામાની બધી વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.
Mr. Sunil K. Verma
House No. B-15, Lotus Apartments,
Barakhamba Road, New Delhi – 110001

A. Mr. Sunil K. Verma, House No. B-15, Lotus Apartment, Barakhamba Road, New Delhi – 110001

B. Mr. Sunil S. Verma, House No. B-15, Lotus Apartments, Barakhamba Road, New Delhi – 110001

C. Mr. Sunil K. Verma, House No. B-51, Lotus Apartments, Barakhamba Road, New Delhi – 110001

D. Mr. Sunil K. Verma, House No. B-15, Lotus Apartments, Barakhamba Road, New Delhi – 110001 ✓

**Q119** Reasoning

નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.
(ડાબી બાજુ) G % & B P B V L £ F V $ * L $ Z L B Z T & W (જમણી બાજુ)
એવા કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલા એક અક્ષર આવે છે અને તરત જ પછી એક અન્ય પ્રતીક પણ આવે છે?

A. ત્રણ

B. બે ✓

C. ચાર

D. એક

**Q120** Reasoning

નીચે સંખ્યાના બે સેટ આપેલા છે, દરેક સેટમાં, પ્રથમ સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ (Operations) કરીને બીજી સંખ્યા મેળવવામાં આવે છે. એજ રીતે બીજી સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ કરીને ત્રીજી સંખ્યા મેળવવામાં આવે છે અને આગળ પણ આ જ પ્રમાણે આ ક્રિયાનું અનુસરણ કરાય છે. કયો વિકલ્પ એ સમાન ક્રિયાઓને અનુસરે છે જે પ્રશ્નમાં આપેલ સેટ દ્વારા અનુસરવામાં આવી છે?
(નોંધ - બે/ ત્રણ અંકોની સંખ્યાને ક્રિયાઓ (ઓપરેશન્સ) માટે વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાતી નથી, ઉદાહરણ તરીકે, જો 37 પછી 10 આવે, તો ઓપરેશન 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાતી નથી.)
49 - 43 - 37 - 31
58 - 52 - 46 - 40

A. 54 - 50 - 46 - 41

B. 78 - 72 - 70 - 66

C. 46 - 40 - 34 - 30

D. 65 - 59 - 53 - 47 ✓

**Q121** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
છ વ્યક્તિઓ, E, J, N, P, T અને W પૈકી દરેકની ઊંચાઈ અલગ-અલગ છે. તો સૌથી નીચો કોણ છે?

વિધાનો:
(I): J એ E, N, P, T અને W કરતાં નીચો છે.
(II): E એ P કરતાં ઊંચો છે. T એ W કરતાં ઊંચો છે. N એ J કરતાં ઊંચો છે.

A. વિધાન (I) અને (II) બંનેમાં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

B. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓

C. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

D. વિધાન (I) અને (II) બંનેમાં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q122** Reasoning

આપેલા વિધાનો અને તારણોને ધ્યાનપૂર્વક વાંચો. વિધાનોમાં આપેલી માહિતી સામાન્ય રીતે જાણીતા તથ્યો કરતાં અલગ હોય તો પણ તેને સાચી માનીને, આપેલા તારણોમાંથી કયું તારણ વિધાનોમાંથી તાર્કિક રીતે અનુસરે છે તે નક્કી કરો.

**વિધાનો:**
બધા મકાનો, ઇમારતો છે.
કોઈપણ ઇમારતો, શાળાઓ નથી.

**તારણો:**
(I) કોઈપણ શાળાઓ, મકાનો નથી.
(II) કેટલીક ઇમારતો, મકાનો છે.

A. માત્ર તારણ (I) અનુસરે છે

B. ન તો તારણ (I) કે ન તો (II) અનુસરે છે

C. માત્ર તારણ II અનુસરે છે

D. તારણ (I) અને (II) બંને અનુસરે છે ✓

**Q123** Reasoning

જો 21 એપ્રિલ 2007 ના રોજ શનિવાર હોય, તો 18 ઓક્ટોબર 2009 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

A. ગુરુવાર

B. સોમવાર

C. રવિવાર ✓

D. શુક્રવાર

**Q124** Reasoning

એક ચોક્કસ તર્કને અનુસરીને, 36 એ 250 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 42 એ 292 સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, 58 એ આપેલા કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ (Operations) જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં વિભાજિત કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

A. 404 ✓

B. 402

C. 410

D. 406

**Q125** Reasoning

એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
S + T નો અર્થ થાય છે કે 'S એ T ના પિતા છે'
S - T નો અર્થ થાય છે કે 'S એ T નો ભાઈ છે'
S × T નો અર્થ થાય છે કે 'S એ T ની બહેન છે'
S ÷ T નો અર્થ થાય છે કે 'S એ T ની પત્ની છે'
આપેલી માહિતીના આધારે, જો 'N + Q - K × H ÷ L' હોય, તો N એ L સાથે કેવી રીતે સંબંધિત છે?

A. પત્નીનો ભાઈ

B. પિતા

C. પતિના પિતા

D. પત્નીના પિતા ✓

**Q126** Reasoning

આ પ્રશ્ન નીચે આપેલા શબ્દો પર આધારિત છે.

(ડાબી બાજુ) BED JAW JET OUT (જમણી બાજુ)

જમણી બાજુથી ત્રીજા શબ્દના ત્રીજા અક્ષર અને ડાબી બાજુથી પ્રથમ શબ્દના પ્રથમ અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

A. 20 ✓

B. 19

C. 21

D. 23

**Q127** Reasoning

જો 'M' નો અર્થ '-' હોય, 'N' નો અર્થ '+' હોય, 'O' નો અર્થ '÷' હોય અને 'P' નો અર્થ '×' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન '?' નાં સ્થાને શું આવશે?
15 P 2 N 8 M 10 O 5 = ?

A. 34

B. 36 ✓

C. 32

D. 38

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q128** Reasoning

પાંચ વ્યક્તિઓ B, G, I, X અને Y પૈકી દરેક અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે. માત્ર I એ G કરતાં ઊંચો છે. X એ B કરતાં ઊંચો છે. માત્ર એક જ વ્યક્તિ Y કરતાં નીચી છે. માત્ર __________ વ્યક્તિ/વ્યક્તિઓની ઊંચાઈ B અને G ની વચ્ચે છે.

A. એકપણ નહીં

B. ત્રણ

C. એક

D. બે ✓

**Q129** Reasoning

સાત મિત્રો G, H, I, B, C, D અને E એક વર્તુળાકાર મેજની ફરતે મેજની કેન્દ્ર તરફ મુખ કરીને બેઠા છે. I એ B ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. E એ C ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે. ફક્ત B એ G અને E ની વચ્ચે બેસે છે. H એ I ની તરત જ બાજુમાં બેસતો નથી. તો જ્યારે D ની જમણી બાજુથી ગણતરી કરવામાં આવે, ત્યારે D અને E ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

A. ચાર

B. બે ✓

C. એક

D. ત્રણ

**Q130** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
જો વર્ષ X ની 5મી જુલાઈના રોજ શુક્રવાર હોય, તો તેના પછીના વર્ષ Y ની 5મી ઓગસ્ટના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

વિધાનો:
(I): વર્ષ Y માં 366 દિવસ છે.
(II): વર્ષ X માં 365 દિવસ છે.

A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

B. બંને વિધાન (I) અને (II) એકસાથે (અને એકલા વિધાન I અથવા એકલા વિધાન II નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

C. વિધાન (II) માં આપેલી માહિતી એકલા પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી પૂરતી નથી.

D. વિધાન (I) માં આપેલી માહિતી એકલા પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી પૂરતી નથી. ✓

**Q131** Reasoning

જો 5 સપ્ટેમ્બર 2002 ના રોજ ગુરુવાર હોય, તો 5 ડિસેમ્બર 2002 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

A. બુધવાર

B. સોમવાર

C. ગુરુવાર ✓

D. રવિવાર

**Q132** Reasoning

છ બોક્સ A, B, C, D, E, અને Fને એકબીજાની ઉપર રાખવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. Eને સૌથી ઉપરથી બીજા સ્થાને મૂકવામાં આવ્યું છે. B અને Dની વચ્ચે ફક્ત બે બોક્સ મૂકવામાં આવ્યા છે. Bને Eની તરત જ નીચે મૂકવામાં આવ્યું છે. Eને Aની તરત જ નીચે મૂકવામાં આવ્યું છે. Fને Cની તરત ઉપર મૂકવામાં આવ્યું છે. B અને Cની વચ્ચે કેટલા બોક્સ મૂકવામાં આવ્યા છે?

A. એક ✓

B. ત્રણ

C. બે

D. ચાર

**Q133** Reasoning

પાંચ છોકરાઓ - M, N, O, P, અને Q પૈકી દરેક ઉત્તર દિશા તરફ મુખ રાખીને એક હરોળમાં બેઠા છે. P હરોળના જમણા છેડા પર બેઠો છે. P અને Q ની વચ્ચે માત્ર એક જ વ્યક્તિ બેઠી છે. N એ O ની તરત જ જમણી બાજુએ બેઠો છે. હરોળના ડાબા છેડા પર કોણ બેઠું છે?

A. O ✓

B. Q

C. M

D. N

**Q134** Reasoning

એક પરિવારમાં 8 વ્યક્તિઓ- પ્રિયા, ગૌરવ, કવિતા, મોહન, રેખા, સુનીલ, તારા અને વિનોદ છે. મોહન એ રેખાનો પતિ છે. સુનીલ એ મોહનનો પુત્ર છે. કવિતા એ રેખાની પુત્રી છે. સુનીલ એ પ્રિયાનો પતિ છે. ગૌરવ એ સુનીલનો પુત્ર છે. તારા એ ગૌરવની બહેન છે. વિનોદ એ કવિતાનો પતિ છે. તો રેખા એ તારા સાથે કેવી રીતે સંબંધિત છે?

A. પિતાના માતા ✓

B. માતાના માતા

C. બહેન

D. માતા

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q135** Reasoning

છ સહકર્મીઓ નિશા, રજત, ઉમેશ, ચિત્રા, ગોવિંદ અને ઝારા પૈકી દરેકની ઊંચાઈ અલગ-અલગ છે. રજત એ નિશા કરતાં ઊંચો છે. ઉમેશ એ નિશા કરતાં નીચો છે. ચિત્રા એ રજત કરતાં ઊંચી છે. ગોવિંદ એ ઉમેશ કરતાં નીચો છે. ઝારા એ ચિત્રા કરતાં ઊંચી છે. આ જૂથમાં સૌથી ઊંચી વ્યક્તિ કોણ છે?

- **A.** ઝારા ✓
- **B.** રજત
- **C.** નિશા
- **D.** ચિત્રા

**Q136** Reasoning

નીચે આપેલા શબ્દોની તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવણી દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.

1. જિલ્લો
2. ગામ
3. રાજ્ય
4. દેશ
5. તાલુકો

- **A.** 2, 5, 1, 3, 4 ✓
- **B.** 1, 5, 2, 3, 4
- **C.** 2, 4, 1, 3, 5
- **D.** 3, 5, 1, 2, 4

**Q137** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: 5 વાંસ – A, D, J, L અને P – અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે, કયું વાંસ સૌથી ટૂંકો છે?

વિધાનો:
(I) J એ માત્ર બે જ વાંસ કરતાં ઊંચો છે. A એ J કરતાં ટૂંકો છે અને D એ A કરતાં ટૂંકો છે.
(II) L એ P કરતાં ઊંચો છે.

- **A.** વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- **B.** વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- **C.** વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- **D.** વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓

**Q138** Reasoning

L, G, F અને A પૈકી, દરેક મૂળાક્ષરોનો ઉપયોગ કરીને પરંતુ દરેક શબ્દમાં દરેક મૂળાક્ષરનો માત્ર એક જ વાર ઉપયોગ કરીને બધા મૂળાક્ષરો સાથે કેટલા ચાર-અક્ષરના અર્થપૂર્ણ અંગ્રેજી શબ્દો બનાવી શકાય?

- **A.** 2
- **B.** 1 ✓
- **C.** 4
- **D.** 3

**Q139** Reasoning

એક સચોટ એનાલોગ ઘડિયાળનું અરીસામાંનું પ્રતિબિંબ 02:33 hrs નો સમય દર્શાવે છે. ઘડિયાળમાં દર્શાવેલો વાસ્તવિક સમય કેટલો હશે?

- **A.** 09:27 hrs ✓
- **B.** 10:27 hrs
- **C.** 09:37 hrs
- **D.** 08:33 hrs

**Q140** Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ પર આધારિત આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

EAF BXC YUZ VRW ?

- **A.** TOS
- **B.** SER
- **C.** STY
- **D.** SOT ✓

**Q141** Reasoning

જો સંખ્યા 6843517 ના દરેક એકી અંકમાં 2 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 3 બાદ કરવામાં આવે, તો આ રીતે બનતી નવી સંખ્યામાં કેટલા અંકો એકથી વધુ વખત આવશે?

- **A.** બે ✓
- **B.** ત્રણ
- **C.** એક
- **D.** એકપણ નહીં

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q142** Reasoning

નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને નીચેનામાંથી કયા વિકલ્પનું સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય આવશે?
18.97 – 7.02 + 5.01 × 3.99 = ?

- A. 32 ✓
- B. 48
- C. 22
- D. 42

**Q143** Reasoning

નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને પ્રશ્નનો જવાબ આપો:
(ડાબી બાજુ) L O F Y P D H O X I L W T G L I N E Z Z X (જમણી બાજુ)
આ શ્રેણીમાં જમણા છેડાથી ચોથા અક્ષર અને ડાબા છેડાથી સાતમાઅક્ષરની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણીમાં કેટલા અક્ષરો આવે છે?

- A. એક
- B. બે ✓
- C. ચાર
- D. ત્રણ

**Q144** Reasoning

જો BEYOND શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન યથાવત (અપરિવર્તિત) રહેશે?

- A. બે
- B. એકપણ નહીં
- C. ત્રણ
- D. એક ✓

**Q145** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
"Baby" માટેનો કોડ શું છે?

વિધાનો:
(I): "Baby Fox Deer" ને "xa ni pe" તરીકે કોડ કરવામાં આવે છે.
(II): "Fox Deer" ને "ni pe" તરીકે કોડ કરવામાં આવે છે.

- A. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
- B. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
- C. વિધાનો I અને II બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.
- D. વિધાનો I અને II બંને એકસાથે લેતા (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે. ✓

**Q146** Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે આપેલ શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) નાં સ્થાને શું આવવું જોઈએ?
PBW TFA XJE BNI FRM ?

- A. IVQ
- B. KVQ
- C. JWQ
- D. JVQ ✓

**Q147** Reasoning

T એ O ના પિતા છે. O એ F ની બહેન છે. F એ U ના માતા છે. U એ B નો ભાઈ છે. તો T એ B ની/ના _______ છે.

- A. પિતા
- B. પત્નીના પિતા
- C. પિતાના પિતા
- D. માતાના પિતા ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q148** Reasoning

નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?

CUB29 , FXE32 , IAH35 , LDK38 , ?

A. HGN41

B. OYN41

C. OGM41

D. OGN41 ✓

**Q149** Reasoning

આ પ્રશ્નમાં, નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર કૂટ (કોડ)નો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કૂટબદ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કૂટ (કોડ)નું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે. જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

| સંખ્યા/પ્રતીક | * | ? | & | 4 | $ | 8 | 9 | 5 | 1 | + | # | 7 | @ | 6 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોડ | G | D | F | H | A | P | K | Y | E | T | W | Q | O | Z |

શરતો–

(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો ઘટક બંનેના કોડ પરસ્પર બદલી નાખવા.

(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.

(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.

નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોના સમૂહ માટેનો કોડ કયો હશે?

?487@

A. DHPQO ✓

B. DHPYO

C. DHPQA

D. KHPQO

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q150** Reasoning

નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યા છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

| સંખ્યા/પ્રતીક | % | * | 2 | 4 | 3 | ? | 9 | @ | & | 1 | ! | $ | 8 | 7 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોડ | E | K | A | Z | D | B | H | R | L | N | Q | J | T | P |

શરતો –

(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો આ બંને (પ્રથમ અને છેલ્લો ઘટક) ના કોડ પરસ્પર બદલી નાખવા.

(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.

(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.

નીચે આપેલા સંખ્યા-પ્રતીકોના જૂથ માટે કોડ શું છે?

49&1?

A. ZHLDB

B. RHLNB

C. ZHLNB ✓

D. ZHLND

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in